# વિરોધ વચ્ચે વટથી આગળ વધી

પ્રાસંગિક
અનંત મામતોરા
feedback.ladki@bombaysamachar.com

**જીવનમાં અનેક પ્રકારના ઝંઝાવાતોને સહન કરીને પણ પોતાના ફૂટબોલના પ્રેમને યથાવત્ રાખનાર અંજુ ફૂટબોલની રાષ્ટ્રીય ખેલાડી તો ન બની શકી, પણ પ્રથમ ઉચ્ચ સ્તરીય ભારતીય મહિલા કોચ બનવાનું માન જરૂર ખાટી ગઇ**



**બધાં** જ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ડૉક્ટર કે એન્જિનિયર બની જાય એવું શક્ય બનતું નથી, પણ તેઓ વિજ્ઞાન શાખામાં જ આગળ વધે, શિક્ષક કે પ્રોફેસર બને અને ભાવિ ડૉક્ટર કે એન્જિનિયર તૈયાર કરવામાં નિમિત્ત બને તે પણ આનંદની ક્ષણો હોય છે.

નાનપણથી જ ફૂટબોલની રમતમાં રસ ધરાવતી અંજુ તુરામ્બેકર ઘરના સભ્યોના ભારે વિરોધ અને બીજી અનેક મુસીબતોને કારણે ઉચ્ચ સ્તરની ખેલાડી તો ન બની શકી, પરંતુ એશિયન ફૂટબોલ કૉન્ફેડરેશનની એ-ગ્રેડની પ્રથમ મહિલા પ્રશિક્ષક (કૉચ) બનવાનું માન ખાટી ગઇ છે.

ફૂટબોલના સ્પર્ધાત્મક વિશ્વમાં કોચિંગ ક્ષેત્રે એ-લાઇસન્સની ડિગ્રી મેળવવી અને તે પણ એક મહિલા માટે તે ખરેખર વર્ષોની મહેનત, હિંમત, રમત પ્રત્યે અત્યંત લગાવ અને સમર્પણની ભાવના માગી લે છે. તમારે સતત તમારી જાતને પુરવાર કરતાં રહેવું પડે ત્યારે આવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકો છો. અંજુની આ કરમ કહાણી સાંભળીને બીજી પણ એક વાત શીખવા મળે છે કે જ્યારે જીવનમાં ન કરે નારાયણને પ્લાન-એ નિષ્ફળ જાય તો પ્લાન-બી તૈયાર હોવો જોઇએ.

૨૯ વર્ષની અંજુએ મહારાષ્ટ્રના કોલ્હાપુર નજીકના બેકાનાલ નામના ગ્રામીણ ક્ષેત્ર અને ખાસ તો ઘરના રૂઢિચુસ્ત વાતાવરણ વચ્ચે પણ જે રીતે ઝઝૂમીને પોતાની કેડી ખુદ કંડારી છે એ કોઇ પણ છોકરી માટે અત્યંત પ્રેરણારૂપ ઉદાહરણ બની શકે એમ છે. સ્કૂલમાં ભણતી હતી ત્યારથી જ મેદાન પર રમાતી ફૂટબોલ રમત સાથે જાણે એને પ્રેમ જ થઇ ગયો હતો. સ્કૂલમાંથી દાંડી મારીને પણ એ ફૂટબોલ રમવા પહોંચી જતી. આખી ટીમમાં છોકરાઓ જ હોય. છોકરી તો તે એકલી જ હોય. મેદાન પર પણ સૌથી પહેલા એ જ પહોંચી જાય. રોજની શાળા, ખેતરના કામ અને ભેંસોની સંભાળ વચ્ચે ફૂટબોલ રમવાનો શોખ પાળવો ખરેખર મુશ્કેલ કામ હતું. બીજી કોઇ સાધારણ છોકરી હોય તો ક્યારનીયે હિંમત હારી ગઇ હોય, પણ આ અંજુ તો કોણ જાણે કઇ માટીથી ઘડાયેલી હશે. કોઇ કામ હાથમાં લે પછી છોડી દેવાનું નામ નહીં. તે કહે છે કે 'નાનપણમાં ખેતરમાં કરેલું કામ અને અત્યાર સુધી નિષ્ઠાપૂર્વક કરેલી ફૂટબોલમય યાત્રાએ મને આશાવાદી બનીને આગળ વધતા રહેવાની પ્રેરણા આપી છે અને આજે હું જે મુકામ પર પહોંચી છું એ તેને જ આભારી છે. શાળાએ જવાનું શરૂ કર્યું તે પહેલાથી જ હું ખેતરમાં જતી. બાળપણથી જ એક ખેડૂતે કરવી પડતી તમામ પ્રકારની મહેનતનો અનુભવ મેં પણ લીધો છે. આ ઉપરાંત ભણવા પણ જવાનું. વળી ફૂટબોલનો શોખ એટલે હંમેશાં ભણતર અને રમતગમત વચ્ચે સમતુલા પણ જાળવવી પડતી.'

જોકે આટલી ભારે મહેનત કર્યા પછી પણ ફૂટબોલ જગતમાં કારકિર્દી બનાવવી તો ઘણી અઘરીથઇ પડે, કારણ કે ઘરના કુટુંબીઓ હોય કે સગાંવ્હાલાં કે પછી મિત્રો હોય એ લોકો ફૂટબોલને પુરુષોની રમત જ સમજતાં હતાં. અંજુ ફૂટબોલમાં કારકિર્દી બનાવે એ જાણે તેમને સ્વીકાર્ય જ ન હતું. ફુટબોલ ખેલાડીઓ પહેરે છે તેવી શોર્ટ્સ (ચડ્ડી) પહેરવી, ગમે તે સમયે ઘરે પહોંચવું, મેદાની રમતો રમવી આ બધું જ મારા ઘરવાળા અને ગામવાળાઓને ખૂંચતું હતું. એમાં વળી અંજુ મોટરબાઇક ચલાવવાનું પણ શીખી ગઇ હતી આ બધાંથી ગામમાં ખાસ્સી એવી વાતો થતી હતી. કોઇ વાહન ચલાવવું એ પણ માત્ર પુરુષોનું જ કામ હોવું જોઇએ એવું વાતાવરણ હતું. ગામના કેટલાક લોકોની કાનભંભેરણીથી એક દિવસ અંજુના પિતા ખૂબ ગુસ્સે થયાં અને તેને અલ્ટિમેટમ આપી દીધું. તેમણે અંજુને ફૂટબોલ રમવાની અને સ્કૂલમાં જવાની પણ ના પાડી દીધી. એટલું જ નહીં દસમાં ધોરણની પરીક્ષા બાદ તેને પરણાવી દેવાની વાતો કરવા લાગ્યા.

પણ આ જ સમયમાં એક સારા સમાચાર આવ્યા. ૧૯ વર્ષથી નીચેની મહિલાઓ માટેની ફૂટબોલ ટીમ વતી રમવા અંજુને પણ આમંત્રણ મળ્યું. જોકે, આને માટે મુંબઇ જવું પડે એમ હતું. અંજુના મા બાપની તો જરાય ઇચ્છા ન હતી. પણ ગમે તે રીતે તેમને મનાવીને તે મુંબઇ આવી અને મહારાષ્ટ્રની અન્ડર-૧૯ ની ટીમમાં સ્થાન પામી આસામ રમવા પણ ગઇ. કોલ્હાપુરના સ્થાનિક અખબારોના ખેલ સમાચારમાં પણ અંજુનું નામ ચમકવા લાગ્યું. તેના મા બાપને પણ સમાચાર મળતાં હતાં,પણ છતાંય આ રમતને કારકિર્દી તરીકે અપનાવી શકાય એ બાબતમાં તેઓને હજું પણ શંકા હતી. આ બાજુ અંજુ તો કેટલીક નેશનલ ચેમ્પિયનશિપમાં રમી રમીને મહારાષ્ટ્રની ટીમની કપ્તાન પણ બની ગઇ. કોલ્હાપુરની એ પ્રથમ મહિલા બની જેને રાજ્યની ટીમનું સુકાન મળ્યું હોય. જોકે અંજુના નસીબમાં તો તેને જાણે ઘરના જ ઘાતકી થયાં હોય એવો ઘાટ ઘડાતો. તેના માબાપે આખરી ચેતવણી આપતાં કહી દીધું કે હવે ફૂટબોલને રામરામ કરીને પોલીસ દળની પરીક્ષા આપવાની છે. અત્યાર સુધીની ફૂટબોલ યાત્રામાં તે યેનકેન પ્રકારેણ ઘરના સભ્યોને મનાવીને પોતાના કદમ આગળ વધારતી હતી. પણ આ છેલ્લી ગંભીર ચેતવણીથી તો તેના માટે ફૂટબોલ વિશ્વના દરવાજા કાયમ માટે બંધ થઇ જવાનાં હતાં. એક તરફ પોલીસદળમાં ભરતી થવાનો આદેશ પણ એમાં તેને બિલકુલ રસ ન હતો અને બીજી બાજુ તેને જેમાં રસ હતો એ ફૂટબોલની રમતમાં તેના માબાપને બિલકુલ રસ ન હતો.



આખરે તેને પોતાના અંતરાત્માના અવાજને અનુસરીને ઘર છોડી દેવાનો કઠણ નિર્ણય લેવાની ફરજ પડી. ફૂટબોલને જ કારકિર્દી બનાવવાનું તેણે મનોમન નક્કી કરી લીધું હતું. માબાપની ઇચ્છાને વશ થઇને એ પોલીસ દળની એક પરીક્ષા આપવા ઘરેથી નીકળી, આ સમયે ઘરના બીજા સભ્યો ખેતરમાં ગયાં હતાં. રસ્તામાં જ તેણે અંતિમ નિર્ણય કર્યો કે પોલીસમાં ભરતી નથી જ થવું અને તે ઘડીએ જ તેણે ફૂટબોલમાં જ કારકિર્દી બનાવવા પુણેની વાટ પકડી.

જોકે, પુણે આવીને તેણે ફૂટબોલ રમવાની સાથે સાથે ભણવાનું પણ ચાલુ રાખ્યું. ઘર તરફથી તો સહાય મળવાની કોઇ આશા ન હતી એટલે ખિસ્સાખર્ચી માટે નાના મોટા કામ પણ કરવા લાગી. પોતાનો ખાવાપીવાનો,કપડાં અને રહેઠાણનો ખર્ચો કાઢવો એક તબક્કે મુશ્કેલ થઇ પડ્યો હતો. આસપાસના ઘરોમાં વાસણો પણ ધોવા જતી અને વધુ કમાવા નજીકના પેટ્રોલ પંપમાં પણ કામ કર્યું. ઘણી વાર તેને ઘરે પાછા જવાના વિચાર આવતાં પણ તેણે મન મક્કમ કરીને ફૂટબોલ રમવાનું ચાલુ રાખ્યું. સિનિયર લેવલ પર રમવા માટે તેને પુણેથી મુંબઇ જવાનું થયું. આ તબક્કે તેને મહારાષ્ટ્રના કોચે એક ખાનગી ગેરસરકારી સંસ્થામાં કોચ તરીકેની નોકરી માટે પ્રસ્તાવ મૂક્યો અને તેણે તે સ્વીકારી લીધો.

અહીંથી તેના જીવનમાં એક રસપ્રદ વળાંક આવ્યો. રાજ્ય સ્તરની મેચ તો એ રમતી પણ રાષ્ટ્રીય ટીમમાં તેને સ્થાન મળવું એ લોઢાના ચણા ચાવવા જેવું કઠિન કામ હતું. તે પોતે કબૂલે છે કે આ સ્તર પર પહોંચવા નાનપણથી જ રમવું જોઇએ. તેણે દસમાં ધોરણથી રમવાનું શરૂ કર્યું હતું. તેમાંય ઘરના કોઇ સભ્યોનો સાથ નહીં. ભણતરનો ખર્ચ અને પોતાનું ગુજરાન ચલાવવા માટે ભાતભાતના કામ કરવા પડતાં. આની થોડી-ઘણી અવળી અસર તો રમત પર પડે જ. તેને કોઇ સ્થિર આવકની જરૂર હતી એટલે ફૂટબોલના પ્રશિક્ષક બનવાનો મોકો મળ્યો તે સ્વીકારી લીધો. એક ખેલાડી તરીકે ભલે વળતા પાણી થયા, પણ કોચિંગના દ્વાર ખુલી ગયાં. ફૂટબોલ અને મેદાન સાથે તો સંબંધ કાયમ રહ્યો અને સાથે આ જ ક્ષેત્રમાં આજીવિકા મળતી થઇ ગઇ.ક્યારેક ક્યારેક કોઇ સ્પર્ધામાં રમવા મળે તો ઠીક બાકી તેણે વધુ ધ્યાન તો ખેલાડીઓને પ્રશિક્ષણ આપવામાં જ કેન્દ્રિત કર્યું. ૨૦૧૦માં આ મહેનતુ અંજુને નેધરલેન્ડમાં આંતરરાષ્ટ્રીય કોચિંગ કોર્સ કરવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો. એ કહે છે કે આ કોર્સથી એને ખૂબ જ શીખવા મળ્યું. ૨૦૧૨માં એણે મુંબઇમાં ફૂટબોલ પ્રશિક્ષણનો ડી-લાઇસન્સ કોર્સ પાસ કર્યો. આમ એક પછી એક શ્રેણીઓ પાસ કરતાં કરતાં આજે તે આ કોચિંગ શિક્ષણનો સહુથી ઉચ્ચ તબક્કો (એ - લાઇસન્સ કોર્સ) પાસ કરી ચૂકી છે. એટલું જ નહીં તે ભારતની એવી પ્રથમ મહિલા બની જેણે આ કોર્સ સફળતાપૂર્વક પાસ કર્યો હોય.

પુરુષોના વર્ચસ્વવાળા આ કોચિંગ ક્ષેત્રમાં તને શું અઘરું લાગે છે, છોકરાઓને પ્રશિક્ષણ આપવાનું કે છોકરીઓને? આ પ્રશ્નનો સરસ જવાબ આપતાં તેણે કહ્યું કે હું જ્યારે શીખવાડતી હોઉં ત્યારે સામે છોકરો હોય કે છોકરી ક્યારેય ભેદભાવ જોતી નથી. મારે ફાળે ઘણી વાર કોચને પાયાનું શિક્ષણ આપવાનું કામ પણ આવ્યું છે અને તેમાં મોટા ભાગના પુરુષો જ હોય છે. મુંબઇની એક છોકરાઓની ટીમ સાથે પણ મેં કામ કર્યું છે. છોકરો હોય કે છોકરી મારું કામ તો તેમને મારી પાસે જે જ્ઞાન છે તે બધું જ તેમને શીખવીને તેમની પ્રતિભાને બહાર લાવવાનું છે.

અંતે એક સારા સમાચાર એ પણ છે કે વર્ષોના તેના અને તેના કુટુંબ વચ્ચે જે અબોલા હતાં તે તૂટ્યાં છે. તેના કુટુંબીઓએ પણ છાપામાં આવતાં તેના સમાચારોથી એક સંતોષ રાખ્યો હતો કે અંજુ સહીસલામત છે અને તે મનગમતા ક્ષેત્રમાં જ આગળ વધી રહી છે. તેઓ મનોમન તેની પ્રગતિ જોઇને ખુશ થતાં પણ ક્યારેય તેને કળાવા દેતાં નહીં. જોકે હવે ધીરે ધીરે તેમના સંબંધો સુધરી રહ્યા છે એ ખુશીની વાત છે. ધન્ય છે અંજુને જેણે અનેક સામાજિક, કૌટુંબિક, આર્થિક અને માનસિક સમસ્યાઓને સહન કરીને પણ પોતાના ફૂટબોલ પ્રેમને વળગી રહી આજ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી. અને હાં, શારીરિક શિક્ષણ(ફિઝિકલ એજ્યુકેશન)માં ડિગ્રી મેળવીને એ સ્નાતક પણ બની ગઇ.

ફૂટબોલ કોચિંગ ક્ષેત્રમાં ઉચ્ચ સ્તરીય પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા પછી પણ આ ૨૯ વર્ષની અંજુ કહે છે કે, હું હજુ પણ બહેતર કામ કરવા અને આનાથી પણ મોટા પડકારો જીલવા માટે કટિબદ્ધ છું. એનાથી ફક્ત મારો જ વિકાસ નહીં થાય પણ અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બની શકીશ.

ખરેખર અંજુને બાળપણથી જે વિરોધનો સામનો કરવો પડ્યો અને જેટલી તકલીફો સહન કરવી પડી એટલી તકલીફો સહન કરીને એક નાનકડા ગામની અન્ય કોઇ છોકરી આટલી આગળ આવી શકી હોત કે નહીં તે પણ એક શંકાનો વિષય છે.

બેસ્ટ ઓફ લક-અંજુ! ■